ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૧૦૦ ટકા

# ગણપતિ બાપ્પા મોરીયા...અગલે બરસ તુમ જલ્દી આના...

## નગરમાં વાજતે-ગાજતે વિઘ્નહર્તાને ભાવપૂર્ણ વિદાય





ગાંધીનગર, તા.૨૩

ગણપતિ બાપ્પા મોરીયા...મંગલમૂર્તિ મોરીયા... અગલે બરસ તુમ જલ્દી આના.. સહિતના શબ્દો અને ગીતોથી ગાંધીનગર આજે ગુંજી ઉઠયું હતું. ગાંધીનગર શહેરમાં છેલ્લા દશ દિવસથી ગણેશમય બની ગયું હતું. ભકતો ગણેશભકિતમાં લીન બની ગયા હતા. શહેરમાં દશ દિવસ સુધી શ્રીજીના પંડાલોમાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. શહેરમાં શ્રીજીની પધરામણીને પગલે વાતાવરણમાં અનોખી ચેતના પ્રગટી હતી. ત્યારે ગણેશ ચતુર્થીના દિવસથી સ્થાપના બાદ સવાર-સાંજ આરતી, પૂજા-અર્ચના બાદ આજે ભકતોએ વિઘ્નહર્તાને વસમી વિદાય આપી હતી. વિદાય સમયે ભકતોની આંખોના ખુણા ભીના થયા હતા. શહેરી વિસ્તારમાં તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ઠેરઠેર ગણેશ વિસર્જનની શોભાયાત્રા નીકળી હતી. જેમાં શ્રીજીના દર્શન કરવા ભકતોની ભારે ભીડ ઉમટી હતી. શહેરના માર્ગો પર સવારથી સાંજ સુધી વાજતે-ગાજતે, ડી.જે. ના તાલે ભકતો અબીલ-ગુલાલની છોળો ઉડાડતા ગણેશ વિસર્જન માટે નીકળ્યા હતા. રવિવારની રજા અને ગણેશ વિસર્જન હોવાથી શ્રીજીની શોભાયાત્રામાં ભકતો મોટીમાત્રામાં જોડાયા હતા. ગાંધીનગર શહેર નજીક સંત સરોવર, ધોળેશ્વર મહાદેવ, સે-૩૦ પુલ, ઈન્દીરા બ્રિજ સહિતના સ્થળોએ મૂર્તિ વિસર્જન માટે ભકતોની લાઈન લાગી હતી. શહેરી વિસ્તાર સહિત પેથાપુર, સરગાસણ, વાવોલ તેમજ ન્યું ગાંધીનગરમાંથી મોટીસંખ્યામાં ભાવિકો વિસર્જન માટે આવ્યા હતા. મૂર્તિ વિસર્જન માટેના સ્થળો પર વાહનનો ખડકલો જોવા મળતો હતો. સંત સરોવર પાસે તંત્ર દ્વારા કૃત્રિમ પાણીનો કુંડ તૈયાર કરાયો હતો, જેમાં હજ્જારો ભકતોએ વિઘ્નહર્તાને વિસર્જીત કર્યા હતા. જયારે ગાંધીનગર -અમદાવાદ માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જયારે વિઘ્નહર્તાના વિસર્જન સ્થળે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્રએ તકેદારીના પગલા ભર્યા હતા. જયારે ફાયર ટીમ અને પોલીસના જવાનો નદી કાંઠા વિસ્તારમાં ખડેપગે જોવા મળ્યા હતા. અંતે શહેરમાં ગણેશ મહોત્સવ રંગે-ચંગે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો.

### ગણેશ વિસર્જન સ્થળો પર તંત્રએ ટીમ તૈયાર કરી હતી

ગણેશ વિસર્જન પ્રસંગે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્રએ ખાસ તકેદારીના પગલા ભર્યા હતા. સંત સરોવર, ધોળેશ્વર મહાદેવ, ઈન્દીરા બ્રિજ સહિત સાબરમતિ નદીના પટમાં ગણેશ વિસર્જન માટે ભકતો આવે છે. જેને પગલે તંત્રએ વિસર્જન સ્થળો પર ફાયર બ્રિગ્રેડ, એનડીઆરએફ, એસડીઆરએફ, અને આપણા મિત્ર સહિત ૧૫૦ તરવૈયાઓ વિવિધ સ્થળ પર તૈનાત જોવા મળ્યા હતા.

# યુવા કબડ્ડી ખેલાડીઓને ખુલ્લામાં બેસીને જમવું પડયું

## જીએફજી દ્વારા આયોજિત યુવા જાયન્ટસ કબડ્ડી ચેમ્પિયનશિપમાં ખેલાડીઓની સુવિધામાં લોલમલોલ

ગાંધીનગર, તા.૨૩

પ્રો-કબડ્ડીની આગામી સિઝનને અનુલક્ષીને રાજયમાં કબડ્ડીનો માહોલ ઉભો કરવાના અને તેમાંથી ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટ્સ ટીમને નવા યુવા ખેલાડી મળી રહે તે હેતુથી જીએફજી દ્વારા સાઇ ખાતે આયોજિત યુવા જાયન્ટસ કબડ્ડી ચેમ્પિયનશિપમાં ખેલાડીઓ સહિત સ્પર્ધાના ઓફિસિયલ્સ સ્ટાફને પણ ચોમાસાની મૌસમમાં બિમારીનો ભોગ બને તે રીતે ખુલ્લામાં, કચરાના ઢગલા પાસે, પાર્કિંગમાં, હોલના પગથિયામાં વગેરે જગ્યાએ બેસીને લંચ જમવાની ફરજ પડતાં ભારે ચકચાર મચી જવા પામી છે. યુવા ખેલાડીઓ પ્રત્યે આ પ્રકારના વર્તને ખેલાડીઓ પણ અસમંજસભરી સ્થિતિમાં મુકાયાં હતા.

જીએફજી દ્વારા ગાંધીનગરના સાઇ સંકુલ ખાતે યુવા જાયન્ટ્સ કબડ્ડી ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજયના છ શહેરો જેવા કે અમદાવાદ, ગાંધીનગર, સાણંદ, ધંધુકા, દહેગામ અને વહેલાલ ખાતેની ૨૦ કોલેજોના યુવા ખેલાડીઓએ ભાગ લીધો હતો. નોકઆઉટ ફોર્મેટમાં યોજાયેલી આ સ્પર્ધામાં રમવા આવેલા ખેલાડીઓને બપોરના લંચ માટે ફીક્સ લંચના તૈયાર ફુડ પેકેટ્સ પકડાવી દેવામાં આવ્યા હતા. વળી આ ખેલાડીઓને જમવા માટે બેસવાની યોગ્ય વ્યવસ્થા પણ નહોતી કરવામાં આવી જેના કારણે ખેલાડીઓને ફૂડ પેકેટસ લઈને બહાર ખુલ્લામાં કચરાના ઢગલા પાસે, પાર્કિંગમાં કે હોલના પગથીયા જેવી જગ્યાએ બેસીને પોતાનું લંચ ખાવાની ફરજ પડી હતી. ગાંધીનગરમાં અત્યારે વરસાદી મોસમને ઋતુ બરાબર જામી છે ત્યારે ખેલાડીઓને ગંદકીની બાજુમાં બીમાર પડે તેવી પરિસ્થિતિમાં બેસીને લંચ કરવાની ફરજ પડતાં ખેલાડીઓના મોઢા કટાંણા થઈ જવા પામ્યા હતા. માત્ર ખેલાડીઓ નહીં પરંતુ આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ફરજ બજાવતા ઓફિશિયલ્સને પણ આ જ પરિસ્થિતિમાં લંચ કરવાની ફરજ પડી હતી. વળી, ખેલાડીઓને તેમની શારીરિક ક્ષમતા મુજબ ખોરાક પુરો પાડવાને બદલે ફિક્સ લંચના ફુડ પેકેટ્સ પકડાવી દેવાતા યુવા ખેલાડીઓ અડધા ભૂખ્યાં રહ્યાં હતાં. આ સ્પર્ધાના અદાણી અને ફોર્ચ્યુન ગ્રુપ જેવા સ્પોન્સર્સ હોવા છતાં ખેલાડીઓને યોગ્ય રીતે જમવાની વ્યવસ્થા પણ પુરી પાડવામાં જીએફજીની કંજુસાઇ ઉડીને આંખે વળગી હતી. એક તરફ ગુજરાતમાં સ્પોર્ટ્સ કલચર વિકસતું નથી તેવી ફરિયાદો ઉઠી રહી છે ત્યારે બીજી તરફ ભાવી યુવા ખેલાડીઓને જે રીતે સુવિધા અને સગવડો આપવામાં જીએફજીની કંજૂસાઈ સામે સવાલો ઉઠવા પામેલ છે.



# ૧૫ વર્ષની વિદ્યાર્થીનીને સ્કુલ બસનો કંડક્ટર ઉઠાવી ગયો..!

## વિદ્યાર્થીની દાદાના ઘરે રહેવા આવી ત્યારે કાંડ રચાયોઃ કંડકટર સામે શંકા દર્શાવતી પોલીસ ફરિયાદ દાદાએ નોંધાવી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં એક વિચિત્ર ઘટના પ્રકાશમાં આવી છે. શાળામાં અભ્યાસ કરતી ૧૫ વર્ષની વિદ્યાર્થીનીને સ્કૂલ બસના એક કંડકટરે પ્રેમજાળમાં ફસાવીને તેનું અપહરણ કરી ગયો હોવાની ઘટના સામે આવી છે. ૧૫ વર્ષની વિદ્યાર્થિની ગાંધીનગર શહેરમાં રહેતા તેના દાદાના ઘરે રહેવા આવી હતી ત્યારે આ કાંડ રચાયો હોવાનું ધ્યાને આવ્યું છે. વહેલી સવારે દાદા ઊઠ્યા અને જોયું તો પોતાની પૌત્રી અને તેની એકટીવા બંને ગાયબ હતું. સ્કૂલ બસના કંડકટર પર શંકા મજબૂત હોવાથી તેના ઘરે તપાસ કરતા તે પણ ગાયબ હતો. આખરે લાપતા પૌત્રીના દાદાએ સેક્ટર-૭ પોલીસ મથકમાં સ્કૂલ બસના કંડકટર પર શંકા વ્યક્ત કરી પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ બાબતને ગંભીરતાથી લઈને સેકટર-૭ પોલીસની ટીમે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

સ્કૂલવાન તથા સ્કૂલ બસના ચાલકો-કંડકટરો પર ઘણા સમયથી અનેક સવાલો ઉભા થયા છે. ક્યારેક વિદ્યાર્થીઓને પોતાની બાજુની સીટમાં બેસાડીને તો ક્યારેક ઓવર સ્પીડમાં વાહન ચલાવી વિદ્યાર્થીનીઓને એટ્રેક્ટ કરવાના ગતકડા સ્કૂલવાન કે સ્કૂલ બસ ચાલકો કરતા રહેતા હોય છે તેવી અનેક ફરિયાદો અગાઉ પણ ઉઠી ચૂકી છે. આ કલ્ચર વચ્ચે આજે વધુ એક ચોંકાવનારો કિસ્સો ધ્યાને આવ્યો છે. વૃદ્ધ દાદાએ પોતાની પૌત્રી લાપતા થયા અંગે સેક્ટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં સ્પષ્ટ ઉલ્લેખ થયો છે કે વલાદ ગામની આધારશીલા સ્કૂલ બસના કંડક્ટર પિજેન્દ્રસિંહ (રહે. નરોડા) તેમની પૌત્રીને ઉઠાવી ગયા હોય તેવી શક્યતા છે. ૧૫ વર્ષની તેમની પૌત્રી પહેલા સ્કૂલ બસમાં અવરજવર કરતી હતી ત્યારે આ બસ કંડક્ટરે પૌત્રીને પ્રેમજાળમાં ફસાવી લીધી હતી. હમણાંથી આ પુત્રી ગાંધીનગર દાદાના ઘરે રહેવા આવી હતી ત્યારે વહેલી સવારે સાડા પાંચે દાદાનું ધ્યાન ગયું કે તેમની પૌત્રી રાત્રિ દરમિયાન લાપતા થઈ ગઈ છે અને તેણીનું એકટીવા પણ ગાયબ છે. સ્કૂલ બસના કડંક્ટર પર પહેલેથી શંકા હોવાથી તેના ઘરે તપાસ કરતાં ખબર પડી કે તે પણ ગાયબ હતો. જેને આધારે શંકા મજબૂત જતા દાદાએ સેકટર-૭ પોલીસ મથકમાં ડ્રાઈવર પર શંકા વ્યક્ત કરતી પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ બાબતને ગંભીરતાથી લઈને ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

# પહેલા અમારા વેતન-ભથ્થા વધે પછી તમારી 'સેવા' કરીશું...!!

## ગત સત્રમાં છુટ્ટા હાથની મારામારી કરતા ધારાસભ્યો વેતન-ભથ્થા વધારવા એક થઈ ગયા : પ્રજાના પ્રશ્નો કોરાણે મુકી પોતાના તરભાણાં ભરતા આ 'સેવકો'ના વેતન-ભથ્થા નક્કી કરવાની 'ઓથોરિટી' અલગ હોવી જોઈએ




ગાંધીનગર, તા.૨૩

આશ્ચર્ય સાથે ગુજરાત રાજયની ૧૪મી વિધાનસભાનું દ્વિતિય સત્ર મોંઘવારી, પાટીદાર અનામત, ખેડૂતોના દેવા, કેગનો રિપોર્ટ, વરસાદની અછતમાં સિંચાઈ વ્યવસ્થા કે ખેતી માટે વીજ પુરવઠો પુરો પાડવામાં સરકારની નિષ્ફળતા અથવા બહુચર્ચિત મગફળી કાંડ જેવા મુદ્દાઓના બદલે ધારાસભ્યોના પગાર-ભથ્થાના વધારા જેવા મુદ્દે ચર્ચાસ્પદ બની રહ્યું. માત્ર એક દિવસ પૂર્વે જ ખેડૂતોના આક્રોશને વ્યકત કરવા ધરપકડ વહોરવા સુધીના દેખાવો કરનાર વિપક્ષ પણ 'આકડે મધ' ભાળી જતા તે દિવસે જ સાયકલ લઈને પેટ્રોલ-ડીઝલ સહીતના ઈંધણના ભાવવધારાનો વિરોધ કરવા ગૃહમાં ઉપસ્થિત રહેવા છતાં ડાહીમાના દિકરાની જેમ સત્તા પક્ષની સાથે થઈ જવા પામ્યો હતો. અગાઉના સત્રમાં વિધાનસભામાં અસભ્ય રીતે ગાળાગાળી અને છુટ્ટા હાથની મારામારીના દશ્યોથી વ્યથિત થયેલ રાજયના નાગરિકોને ભાગે બીજા સત્રમાં પણ 'બધા એકના એક જ છે' જેવા નિઃસાસા નાંખવાથી વિશેષ કશું આવ્યું નથી.

વિધાનસભાનું સત્ર જયારે પ્રારંભ થાય ત્યારે દરરોજની કાર્યવાહીનો એજન્ડા જાહેર કરવામાં આવે છે પરંતુ જયારે ધારાસભ્યોને પગાર-ભથ્થા વધારવા માટેનું વિધેયક વગર એજન્ડા અચાનકએ જ ગૃહમાં રજુ કરવામાં આવ્યું હતું અને તે માટે સત્તા પક્ષે અગાઉથી જ વિપક્ષ સાથે વાત કરી સંમતિ મેળવી લીધી હતી એટલે એમ કહી શકાય કે પ્રજાના પરસેવાની કમાણીમાંથી ટેક્ષ ઉઘરાવી એકત્ર થયેલા ખજાનામાંથી 'મલાઈ' તારવી લેવાની વાત આવી ત્યારે દરરોજ એકબીજા સામે ઘુરકિયાં કરતા બધા એક થઈ ગયા હતા અને એક તરફ રાજયનું જાહેર દેવું અંદાજે ૨,૧૭,૦૦૦ કરોડથી પણ વધુ હોવા છતાં રાજયની તિજોરી પર બોજો વધારતા અચકાયા નથી. જો સરકાર ધારત તો ધારાસભ્યોના પગાર-ભથ્થા વધારવાનું વિધેયક હજુ પછીના સત્રમાં લાવી શકત અને માત્ર બે જ દિવસ જેટલા ટૂંકા ગાળાના સત્રમાં મોંઘવારી, મગફળી કાંડ, ખેડૂતોની દેવાદાર પરિસ્થિતિ, ઓછા વરસાદમાં સિંચાઈ સહિત પીવાના પાણીની વ્યવસ્થા કે ખેડૂતોને વિજળી અથવા વિવિધ સરકારી કાર્યોમાં ભ્રષ્ટાચારને ઉજાગર કરતા કેગના અહેવાલ પર ચર્ચા થઈ શકી હોત પરંતુ જનતાએ ચુંટેલા તમામ પ્રતિનિધિઓને પ્રજાલક્ષી કામો અંગે વિચારણા કરવા કરતા આગામી લોકસભાની ચુંટણીઓ માટે તેમનો હાથ કેવી રીતે વધુ 'છુટો' રહી શકે તે ચિંતા વધુ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. જે રીતે સમ ખાવા પુરતો પણ એક પણ ધારાસભ્યના વિરોધ વગર સર્વાનુમતે પગાર-ભથ્થા વધારો મંજૂર કરી દેવાયો તે રાજયના નાગરિકોને માત્ર અકળાવી જ નથી રહ્યો પરંતુ એકબીજા પર ઝનૂનથી આક્ષેપબાજી કરતા નેતાઓની અંદર દેખાઈ રહેલી 'ખોરી' દાનતથી ચિંતિત બન્યો છે.



રાજયમાં અસંખ્ય યુવાનો ફિકસ પગારના ચક્વ્યુહમાં પિસાઈ રહ્યા છે, પેન્શનરો મોંઘવારીથી ત્રસ્ત છે, સફાઈકર્મીઓથી માંડીને ટેકનિકલ તથા સુરક્ષા કર્મચારીઓ અપૂરતા વેતન અને અપૂરતી સુરક્ષા સુવિધા જેવા પ્રશ્નોથી પરેશાન છે અને ખેડૂતો સહિત જરૂરિયાતમંદો તેમને મળવા પાત્ર સહાય કયારે મળશે તેની અવઢવમાં ઘેરાયેલા છે ત્યારે આ સમસ્યાઓનું નિરાકરણ કરવા જેમને ચુંટીને મોકલ્યા છે તેવા ધારાસભ્યો પોતાનું તરભાણું ભરવામાં પડેલા જોઈ નાગરિકો મનોમન છેતરાયાની લાગણી અનુભવી રહ્યા છે. વર્ષ ૨૦૦૫થી વધારો નથી કરાયો કે અન્ય રાજયોની સરખામણીએ ઓછા વેતન-ભથ્થા મળે છે તેવી દલીલ સાથે અચાનક કરી દેવાયેલા જંગી વધારાની સરખામણીએ કેટલા ધારાસભ્યોએ પોતાના વિસ્તારમાં પ્રજાલક્ષી કાર્યો કર્યા અને ઉદઘાટન સિવાય પોતાના મત ક્ષેત્રની કેટલી મુલાકાત લીધી તે પગારવધારો લેતા પહેલા જણાવવું જોઈએ. ચૂંટણી સમયે બે હાથ જોડીને આપની 'સેવા'નો મોકો આપો તેવું કહેતા 'સેવાભાવી' ધારાસભ્યોને મોંઘવારી નડી ગઈ પરંતુ આ મોંઘવારી નાથવા માટે તેમણે શું પગલાં લીધા કે મોંઘવારી વધવાના કારણો અંગે કેટલું ચિંતન કર્યું? અરે હોંશે હોંશે વેતન વધારો લેવા ઉત્સાહી બનેલા ધારાસભ્યોએ અગાઉ વિધાનસભામાં ધાંધલ ધમાલ કરતા તોડી પાડેલા માઈક સહિત કરેલા નુકશાનની કેટલી ભરપાઈ કરી તે પૂછવાનો પ્રજાને હક્ક કરો કે નહીં? પગારદાર અધિકારીઓ-કર્મચારીઓ તેમની ફરજમાં ચૂક માટે જવાબદારી ભોગવતા હોય તો ધારાસભ્યોએ લીધેલા પગાર-ભથ્થાની સામે કેટલી જવાબદારી નિભાવી તે તેઓ પ્રમાણિક પણે જણાવી શકશે ખરા? દરેક નાગરિક જાણે છે કે કેવી રીતે રસ્તે ફરતો વ્યકિત ધારાસભ્ય બન્યા પછી મહેલો અને મોટરમાં મ્હાલતો થઈ જાય છે. અરે, સસ્તા ઈન્ટરનેટ અને ફ્રિઆઉટ ગોઈંગ કોલીંગના યુગમાં પણ મસ મોટા ટેલિફોન-મોબાઈલ ભથ્થા લેતા ન અચકાતા આ નેતાઓને હવે ૪૫ હજારથી વધુની રકમ પ્રતિ માસે વધારે મળતી થઈ જશે પરંતુ તેમને મળતા પગાર-ભથ્થાને અનુરુપ કામગીરી કરશે તેની કઈ જ ગેરંટી નથી.

સમગ્ર દેશમાં ૩ હજારથી વધુ ધારાસભ્યો છે જેમની સરેરાશ આવક ૨૪ લાખથી વધુની છે આમ છતાં અસંખ્ય ધારાસભ્યોને વિધાનસભામાં પ્રશ્ન પુછતા પણ નથી આવડતા કે નથી તેમનામાં સન્માનીય ગૃહની મેનર્સ અંગેની આવડત, આમ છતાં દલા તરવાડીની જેમ જાતે પોતાના પગાર ભથ્થાં વધારી દેતા અચકાતા નથી. જે રીતે સત્તા પક્ષ અને વિપક્ષ આ મુદ્દે હંમેશા એક થઈ જાય છે તે જોતાં હવે તો ધારાસભ્યોના વેતન ભથ્થાં નક્કી કરવા માટે ન્યાયિક સમિતિ કે સ્વતંત્ર આયોગ હોવું જોઈએ તેવું જણાઈ રહ્યું છે, નહીંતર એ દિવસ દૂર નથી કે ઉમાશંકર જોષીની પેલી પંકિત સાચી પડશે, 'ભૂખ્યાંજનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મકણી ન લાધશે'!

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## @ગાંધીનગર

● સિનિયર સિટિઝન કાઉન્સિલ અને ગાંધીનગર વૈષ્ણવ સમાજના સંયુકત ઉપક્રમે હવેલી મંદિર ખાતે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન નિઃશુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પ યોજાશે.

● સે-૨૮ અંબાજી મંદિર ખાતે ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદનો ગરબો બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

### ગાંધીનગર રાજપુત સમાજના પ્રમુખપદે લાલસિંહ કે. વાઘેલા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર રાજપુત સમાજની સામાન્ય સભા ગઈ કાલે રાજપુત ભવન ખાતે મળી હતી. જેમાં સર્વાનુમતે એલ.કે. વાઘેલાની પ્રમુખપદે વરણી કરવામાં આવી છે.

આ બેઠકમાં કેશરીસિંહ વાઘેલા, ડૉ. શંકરસિંહ રાણા,



પી.બી. બિહોલા, મનુભા રાણા, વિક્રમસિંહ ગોલ, અંબુસિંહ ગોલ, ઉપરાંત સમાજના કારોબારી સભ્યો અને સભ્યો હાજર રહ્યા હતા.

એલ.કે. વાઘેલાએ બીઈ સીવીલનો અભ્યાસ કર્યો છે અને હાલ પાટનગર યોજના ભવનમાં કાર્યપાલક ઈજનેર તરીકે સવાઓ આપી રહ્યા છે. આ ઉપરાંત આંતર રાષ્ટ્રીય લાયન્સ કલબમાં ૨૫ વર્ષથી સતત સેવાકીય પ્રવૃત્તિઓ ઉપરાંત ભવ્ય નવરાત્રીનું આયોજન પણ તેઓ કરી રહ્યા છે અને આ ઉપરાંત ગાંધીનગર નાગરિક બેંકના ડિરેકટર છે. સાત વાર ચેરમેન તરીકે સવાઓ બજાવી ચુકયા છે. આ ઉપરાંત સમાજ દ્વારા સમુહ લગ્નોત્સવમાં પણ બે વર્ષ સુધી સેવાઓ આપી છે. સમાજના દરેક સભ્ય એ તેમજ અગ્રણીઓએ એલ.કે. વાઘેલાને પ્રમુખ બનતાં અભિનંદન પાઠવ્યા હતા.

### સે-૫-સી નવરાત્રી મહોત્સવ સમિતિના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનરના સેકટર-૫-સી ખાતે નવરાત્રિ મહોત્સવ ૨૦૧૮નું પરંપરાગત રીતે આયોજન કરવામાં આવ્યું છે. આ માટે તાજેતરમાં નવરાત્રી ચોક ખાતે યોજવામાં આવેલ આયોજન સમિતિની બેઠકમાં સર્વાનુમતે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. આ હોદ્દેદારોમાં પ્રમુખપદે કમલેશસિંહ ગોલ, મંત્રી પદે ભરતસિંહ ગોલ, ખજાનચી પદે સમરથદાન ગઢવી, ઉપપ્રમુખપદે વાસુદેવભાઈ મિસ્ત્રી, ઓડિટર પદે અરૂણભાઈ ત્રિવેદી તથા અન્ય કારોબારી સભ્યોની વરણીનો સમાવેશ થાય છે.

### ચિરવિદાય

- સ્વ. ડાહીબેન ભગવતલાલ પંચાલ, ઉ.વ. ૮૫
- સ્વ. પંચાલ કાન્તિભાઈ માધવદાસ, ઉ.વ. ૭૫
- સ્વ. ભીખીબેન લાલાજી ઠાકોર, ઉ.વ. ૫૧
- સ્વ. વ્યાસ કલાબેન વાસુદેવ, ઉ.વ. ૭૩
- સ્વ. શાહ કેતનકુમાર નરેન્દ્રભાઈ, ઉ.વ. ૪૦